# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

***Date : 26-08-2024*** ***Midday : 1.20 to 1.30 PM***
***Day : Monday*** ***National News***

આકાશવાણી- સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*************************************************************************

- આજે સિંગાપોરમાં ભારત સિંગાપોર મંત્રી કક્ષાની ગોળમેજી પરિષદ-યોજાશે. - ભારતનાં ચાર કેન્દ્રીય મંત્રીઓ ભાગ લેશે
- દેશભરમાં જન્માષ્ટમીની શ્રધ્ધાપૂર્વક ઉજવણી થઈ રહી છે - કૃષ્ણ મંદિરોમાં ભક્તોનું ઘોડાપુર.
- લડાખમાં પાંચ નવા જિલ્લા બનાવવાની કેન્દ્રીય ગૃહ મંત્રાલયની જાહેરાત.
- પાકિસ્તાનમાં બંદૂકધારીઓએ બસ અને ટ્રકમાં સવાર પ્રવાસીની હત્યા કરી 23.
- ગુજરાતના મોટાભાગના જીલ્લામાં આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી - હવામાન વિભાગની આગામી ત્રણ દિવસ દરમિયાન રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગોવામાં ભારે વરસાદની ચેતવણી.
- આજથી ન્યૂયોર્કમાં યુએસ ઓપન ટેનિસનો પ્રારંભ. - ભારતનાં સુમિત નાગલ અને રોહન બોપન્ના પર સૌની નજર.

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**ISMR**

**વેપાર અને આર્થિક સંબંધોને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે આજે સિંગાપોરમાં બીજી ભારત-સિંગાપોર મંત્રી સ્તરીય ગોળમેજી પરિષદ-ISMR યોજાશે.**

**ચાર કેન્દ્રીય મંત્રીઓ - નિર્મલા સીતારમણ, પીયૂષ ગોયલ, એસ જયશંકર અને અશ્વિની વૈષ્ણવ આ બેઠકમાં ભાગ લેશે. તેમની મુલાકાત દરમિયાન, મંત્રીઓ તેમના સિંગાપુરના સમકક્ષો અને નેતૃત્વ સાથે વાતચીત કરશે. ISMR એ ભારત-સિંગાપોર દ્વિપક્ષીય સંબંધો માટે નવી કાર્યસૂચિ નક્કી કરવા માટેનું અનોખુ વ્યવસ્થાતંત્ર છે. તેની પ્રથમ બેઠક સપ્ટેમ્બર 2022માં ભારતમાં યોજાઈ હતી.**

**દરમિયાન ગઈકાલે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગઈ કાલે સિંગાપોરમાં વૈશ્વિક વ્યાપારી નેતાઓ સાથે દ્વિપક્ષીય વેપાર અને રોકાણના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. એક નિવેદનમાં, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન, વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર વૃદ્ધિ અને સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરીને, ભારત અને સિંગાપોર વચ્ચે રોકાણની તકો શોધવા અને વધારવા માટે મુખ્ય ચર્ચાઓ કરવામાં આવી હતી.**

## Nirmala Sitharaman- FATF

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે સિંગાપોરમાં ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ- FATFના પ્રમુખ ટી રાજા કુમાર સાથે મુલાકાત કરી હતી. તેમણે FATFના પ્રમુખ તરીકેની મુદત સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ શ્રી કુમારને અભિનંદન આપ્યા હતા.

બેઠકમાં નાણા મંત્રીએ FATFની કામગીરી ન્યાયી રીતે નિભાવવા બદલ ટી રાજાકુમારની પ્રશંસા કરી હતી.

## RAJNATH-US VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે અમેરિકાના પ્રવાસના અંતિમ દિવસે ગઈ કાલે ટેનેસ્સીનાં મેમ્ફસિસ રાષ્ટ્રીય નાગરિક અધિકાર સંગ્રહાલયની મુલાકાત લીધી હતી અને ભારતીય સમુદાય સાથે વાતચીત કરી હતી.

મેમ્ફસિસ, એટલાન્ટા અને નેશવિલેના ભારતીય મૂળનાં લોકો સાથેની મુલાકાતમાં શ્રી સિંહે સમાજ, વિજ્ઞાન અને અર્થતંત્રમાં ભારતીય સમુદાયની સિધ્ધિઓ અને તેમનાં પ્રદાનની પ્રશંસા કરી હતીતેમણે ભારતીય મૂળનાં લોકોને ભારત અને અમેરિકા વચ્ચેના . .જીવંત સેતુ તરીકે ગણાવ્યા હતા

રાષ્ટ્રીય નાગરિક અધિકાર સંગ્રહાલયમાં મી સદીમાં અમેરિકાનાં નાગ17રીક અધિકાર ચળવળનો ઈતિહાસ પ્રદર્શિત કરવામાં આવ્યો છે .1968માં માર્ટિન લ્યુથર કિંગ જુનિયરની હત્યાનાં સ્થળની નજીક આ સંગ્રહાલય બનાવવામાં આવ્યું છે.

## JANMASHTAMI-WISHES

દેશભરમાં આજે શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનો તહેવાર ભારે ઉત્સાહ અને શ્રધ્દાપૂર્વક ઉજવવામાં આવી રહ્યો છે. વિશ્વભરના મંદિરોમાં ભગવાન કૃષ્ણના દર્શન માટે ભક્તો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તમામ દેશવાસીઓને જન્માષ્ટમીની શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિએ દરેકને ભગવાન શ્રી કૃષ્ણના ઉપદેશોને અપનાવવા અને દેશની પ્રગતિ અને સમૃદ્ધિ માટે કામ કરવા માટે પ્રતિબદ્ધ

થવા વિનંતી કરી. રાષ્ટ્રપતિએ કહ્યું કે, આ તહેવાર દરેકને ભગવાન શ્રી કૃષ્ણના દિવ્ય આદર્શોને સમર્પિત થવાની પ્રેરણા આપે છે.

ઉપપ્રમુખ જગદીપ ધનખડે પણ લોકોને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, આ તહેવાર ધર્મના શાશ્વત મૂલ્યો, અનિષ્ટ પર સારાની જીત, સત્ય અને કરુણાના મૂળમાં જીવન જીવવાના મહત્વની યાદ અપાવે છે. શ્રી ધનખડે નાગરિકોને સદાચારના માર્ગે ચાલવા અને સૌના કલ્યાણ માટે કામ કરવાની પ્રતિજ્ઞા લેવા પણ અપીલ કરી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ જન્માષ્ટમીના અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

## MHA-LADAKH

કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં કેન્દ્ર સરકારે ઝંસ્કાર, દ્રાસ, શામ, નુબ્રા અને ચાંગથાંગને અલગ જિલ્લા બનાવવાનો નિર્ણય લીધો છે.

આજે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે, ગૃહ મંત્રાલયે વિકસિત અને સમૃદ્ધ લદ્દાખના નિર્માણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુસરીને કેન્દ્રશાસિત પ્રદેશમાં પાંચ નવા જિલ્લા બનાવવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે, નવા જિલ્લાઓ અંતરિયાળ વિસ્તારોમાં શાસનને મજબૂત કરીને લોકોને તેમનાં ઘર સુધી લાભ પહોંચાડશે. તેમણે કહ્યું કે, સરકાર લદ્દાખના લોકો માટે વિપુલ તકો ઊભી કરવા માટે પણ પ્રતિબદ્ધ છે.

## INS MUMBAI

ભારતીય નૌકાદળનું યુદ્ધ જહાજ, INS મુંબઈ આજે ત્રણ દિવસની મુલાકાતે કોલંબો પહોંચ્યું હતું, જ્યાં INS મુંબઈની શ્રીલંકાની પ્રથમ મુલાકાત દરમ્યાન શ્રીલંકા નૌકાદળ

દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુંઉલ્લેખનીય છે કે ., વર્ષ 2024માં ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજની શ્રીલંકાની આઠમી મુલાકાત છે.

મુલાકાત દરમિયાન, INS મુંબઈ શ્રીલંકન વાયુસેના દ્વારા સંચાલિત ડોર્નિયર મેરીટાઇમ પેટ્રોલ એરક્રાફ્ટ માટે આવશ્યક સ્પેરપાર્ટ્સ પ્રદાન કરશે. આ મુલાકાત દરમિયાન ભારતીય યુદ્ધ જહાજ શ્રીલંકાની નૌકાદળ સાથે સંયુક્ત પ્રવૃત્તિઓમાં ભાગ લેશે . જેમાં રમત-ગમતના કાર્યક્રમો, યોગ સત્રો અને દરિયાની સફાઈ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે .INS મુંબઈ 29 ઓગસ્ટે શ્રીલંકાથી પરત ફરશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરી શકો છો.

## - PIB FACT CHACK

સરકારે નાણા મંત્રાલય તરફથી 46 હજાર રૂપિયાથી વધુની નાણાકીય સહાય ઓફર કરવાનો દાવો કરતી લિંકને નકલી ગણાવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, માહિતી અને પ્રસારણ મંત્રાલયના ફેક્ટ ચેક યુનિટે નકલી સમાચારનો પર્દાફાશ કર્યો હતો. મંત્રાલય દ્વારા જણાવાયું હતું કે, ગરીબોને આર્થિક સહાયની આડમાં એક મેસેજિંગ એપ દ્વારા આ કૌભાંડ આચરવામાં આવ્યું હતું. ગરીબોની વ્યક્તિગત માહિતી મેળવવા માટે કપટ કરીને આ એપ દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવામાં આવ્યાં હતા. મંત્રાલયે આ સંદેશને નકલી જાહેર કર્યો છે.

# PAK-GUNMEN

પાકિસ્તાનના બલુચિસ્તાનમાં મુસખેલ જિલ્લામાં બંદૂકધારીઓએ 23 લોકોની હત્યા કરી છે. હૂમલાખોરોએ ટ્રક અને બસમાંથી પ્રવાસીઓની ઓળખ પૂછીને ગોળીબાર કર્યો હતો. આસિસ્ટન્ટ કમિશનર મુસાખાલી નજીક કાકરે જણાવ્યું કે, સશસ્ત્ર હૂમલાખોરોએ મુસખેલમાં ધોરી માર્ગમાં અવરોધ ઊભો કરીને ટ્રકો અને બસમાંથી પ્રવાસીને નીચે ઉતાર્યા હતા અને તેમનાં પર ગોળીબાર કર્યો હતો. મૃતકો પાકિસ્તાનના પંજાબ પ્રાંતના હતા.

માધ્યમોના અહેવાલ પ્રમાણે સશસ્ત્ર દળોએ 10 વાહનોને પણ આગ ચાંપી હતી.

# RAIN FORECAST

હવામાન વિભાગે આજના દિવસ દરમિયાન ઉત્તર ગુજરાત, ગીર સોમનાથ અને પોરબંદર જીલ્લા સિવાયના તમામ જીલ્લાઓ અને દાદરાનગર હવેલીમાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ગીર સોમનાથ, પોરબંદર અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું.

બીજી તરફ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગુજરાતની વર્તમાન વરસાદની સ્થિતિ અંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વાતચીત કરી હતી તેમજ સ્થિતિનો તાગ મેળવીને તમામ સહાયની ખાતરી આપી હતી. આગામી ત્રણ દિવસ દરમિયાન ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગોવામાં ભારે વરસાદની ચેતવણી આપી છે. ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશ અને પૂર્વ રાજસ્થાન પરનું દબાણ તીવ્ર દબાણમાં પરિવર્તિત થયું છે. આ સિસ્ટમ પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ દિશામાં આગળ વધવાની સંભાવના હોવાથી ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ રાજસ્થાનમાં ભારે વરસાદ પડશે.

આ ઉપરાંત બાંગલાદેશ અને પશ્ચિમ બંગાળના વિસ્તારોમાં હળવું દબાણ વધુ તીવ્ર બનવાથી આગામી બે દિવસમાં પશ્ચિમ બંગાળ, ઉત્તર ઓડિશા અને ઝારખંડ તરફ આગળ વધશે. ૩૦ ઓગસ્ટ સુધી ગુજરાતનાં દરિયામાં દરિયો તોફાની બનવાની સંભાવના છે. હવામાન વિભાગે માછીમારોને ૩૦ ઓગષ્ટ સુધી ગુજરાત અને મહારાષ્ટ્રના દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

## - MAHARASHTRA CABINET UPS

મુખ્યમંત્રી એકનાથ શિંદેની અધ્યક્ષતામાં મહારાષ્ટ્ર મંત્રીમંડળે કેન્દ્રની યુનિફાઇડ પેન્શન સ્કીમ (UPS)ની જેમ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે સુધારેલી રાષ્ટ્રીય પેન્શન યોજના (NPS)ના અમલીકરણને મંજૂરી આપી છે. રાજ્ય સરકારની સુધારેલી રાષ્ટ્રીય પેન્શન યોજના 1 માર્ચ, 2024થી લાગુ કરવામાં આવશે.

રાજ્ય સરકારના અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનાં 13 લાખ 45 હજાર કર્મચારીઓ છે આમાંથી 8 લાખ 27 હજાર કર્મચારીઓને હાલમાં રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

## US OPEN TENNIS

યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ 2024નો આજથી ન્યૂયોર્કમાં પ્રારંભ થશે. ભારત સહિત વિશ્વના ટેનિસ ચાહકોની નજર ભારતના સુમિત નાગલ અને રોહન બોપન્ના પર રહેશે. સુમિત નાગલ 2019 પછી 1 વર્ષમાં ચારેય ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટની સિંગલ્સ ઈવેન્ટમાં ભાગ લેનાર પ્રથમ ભારતીય બનશે.

ટેનિસ રેન્કિંગમાં 72મું સ્થાન ધરાવતા નાગલ આ વર્ષે ફ્રેન્ચ ઓપન અને વિમ્બલ્ડન ચેમ્પિયનશિપમાં પ્રથમ રાઉન્ડમાંથી બહાર થતાં પહેલાં ઓસ્ટ્રેલિયન

ઓપનમાં બીજા રાઉન્ડમાં પહોંચ્યા હતા. બે વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયન પાર્ટનર મેથ્યુ એબ્ડેન મેન્સ ડબલ્સમાં સ્પેનના માર્સેલ ગ્રાનોલર્સ અને આર્જેન્ટિનાના હોરાસિયો ઝેબાલોસને પાછળ છોડીને બીજા ક્રમે છે. મેન્સ સિંગલ્સ યુએસ ઓપન ગત ચેમ્પિયન નોવાક જોકોવિચ, ફ્રેન્ચ ઓપન અને વિમ્બલ્ડન વિજેતા સ્પેનના કાર્લોસ અલ્કારાઝ સાથે ફ્લશિંગ મીડોઝ ખાતે કોર્ટમાં ઉતરશે. વિશ્વમાં પ્રથમ ક્રમાંકીત ઇટાલીનો જેનિક સિનર પણ સ્પર્ધામાં છે. મહિલા સિંગલ્સ બધાની નજર અમેરિકાની કોકો ગોફ પર રહેશે જે વિશ્વમાં નંબર 1, પોલેન્ડની ભૂતપૂર્વ યુએસ ઓપન ચેમ્પિયન ઇગા સ્વાઇટેકને સામે રમવા માટે પરસેવો પાડી રહી છે.